ગાંધીનગર કલ્ચરલ ફોરમ

# પંદર હજાર દીવડાઓએ અંતર અજવાળ્યાં





તસવીર : દિપક જાની

## આઠમ નિમિત્તે કરવામાં આવેલી મહાઆરતીથી અલૌકિક દ્રશ્ય સર્જાયું સામસામે મુકેલા બે દીવડાઓની આકૃતિ જોનારનાં હૃદયમાં વસી ગઈ

### ૫૪ મીટર ઊંચી ક્રેન પરથી આરતીનું શૂટીંગ કરાયું દર્શકોએ શૂટીંગ જોઈ ધન્યતાની લાગણી અનુભવી

ગાંધીનગર, તા. ૨૩

ખાસ અમદાવાદથી લાવવામાં આવેલી ૫૪ મીટર ઊંચી ક્રેન ઉપરથી આ મહાઆરતીનું વિડીયો શૂટીંગ કરવામાં આવ્યું હતું. અને આરતી પૂર્ણ થયા પછી તુરંત જ એ શૂટીંગને વિશાળ કદના બે એલઈડી સ્ક્રીન પર દર્શાવવામાં આવ્યું હતું, જે જોઈને દર્શકોએ હર્ષની ચિચિયારીઓથી ગ્રાઉન્ડ ભરી મૂક્યું હતું. પોતે જે આરતીમાં થોડી પળો પહેલાં જ ભાગીદાર થયા હતા એ દ્રશ્ય ઊંચાઈથી કેવું અનુપમ ભાસતું હતું એનો ખરો અંદાજ આ વિડીયો રૅકોર્ડીંગ જોઈને લોકોને આવ્યો હતો. આમ ગરબા પહેલાં એક આરતી, મધ્યાંતરમાં એક મહાઆરતી અને એ પછી તરત જ મહાઆરતીનું સમગ્ર શૂટીંગ લોકોને દર્શાવવામાં આવતાં આ ગ્રાઉન્ડમાં એક જ નોરતા દરમ્યાન ત્રણ આરતીનો સુભગ સમન્વય પણ સર્જાયો હતો.

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવલી નવરાત૨-૨૦૧૨ લોકોનાં મનમાં જે કારણોસર અમીટ છાપ છોડી જવાની છે કારણોમાં વધુ એક સબળ કારણનો ઉમેરો થયો છે. ગઈકાલે આઠમ નિમિત્તે પંદર હજાર દીવડાઓથી કરવામાં આવેલી મહાઆરતીએ ન માત્ર સમગ્ર ગરબા ગ્રાઉન્ડના પરંતુ એમાં ભાગ લેનાર અને એને જોનાર લોકોનાં અંતરમાંય અજવાળાં કરી દીધાં હતાં.

ગત વર્ષે આ જ ગ્રાઉન્ડમાં આઠમ નિમિત્તે આવી જ રીતે દીવડાઓથી સ્વસ્તિકની આકૃતિ રચવામાં આવી હતી, જેને ઘણી જ સરાહના પ્રાપ્ત થઈ હતી. એ પછી આ વખતે આઠમ નિમિત્તે ગરબા ગ્રાઉન્ડમાં સામસામે ગોઠવેલા બે દીપની આકૃતિ દીપના માધ્યમથી તૈયાર કરવામાં આવી હતી. એ સહિત સમગ્ર ગરબા ગ્રાઉન્ડમાં પંદર હજાર જેટલા દીવડાઓ સાથે ભાવિકોએ કરેલી આરતી ન માત્ર કલ્ચરલ ફોરમના પરંતુ, સમગ્ર ગાંધીનગરના ઈતિહાસમાં પોતાનું અમીટ સ્થાન છોડી ગઈ હતી.

ગ્રાઉન્ડમાં નિયત શિડ્યૂલ મુજબ ગરબા પહેલાં તો આરતી કરવામાં આવી જ હતી અને પછી ગરબાની શરૂઆત પણ કરવામાં આવી હતી. પરંતુ આઠમ નિમિત્તે એક વિશેષ મહાઆરતી મધ્યાંતરના સમય દરમ્યાન કરવામાં આવી હતી. ગાંધીનગરના ખેલૈયાઓએ પોતાના હાથમાં દીપ ધારણ કરીને ખેલ ક્ષેત્રમાં બે દીવડાની આકૃતિનું સર્જન કર્યું હતું. ગરબા જોવા માટે આસપાસ બેઠેલા ગરબા રસિકોએ પણ પોતાના હાથમાં દીપ ધારણ કર્યાં હતાં. આમ આસપાસ દીપનાં પુંજ અને એની વચ્ચે બે દીવડાની આકૃતિ એવું અનુપમ દ્રશ્ય સર્જાયું હતું.

આરતી પછી ગ્રાઉન્ડમાં ઉપસ્થિત સૌ કોઈ ભાવિકોને મધુર ડેરી, ગાંધીનગરના સૌજન્યથી મહાપ્રસાદ પણ આપવામાં આવ્યો હતો. નગરના જાણીતા કેટરર્સ-ડેકોરેટર્સ અભય ડેકોરેટર્સ દ્વારા આ મહાપ્રસાદ તૈયાર કરવામાં આવ્યો હતો, જેની વિતરણ વ્યવસ્થા જય અંબે પરિવાર, ગાંધીનગર દ્વારા ગોઠવવામાં આવી હતી.

એ પછી સૌએ સાથે રાસની મજા માણી હતી અને પોતાની સ્મૃતિમાં આ રાતનાં મનોરમ દ્રશ્યો કૅદ કરી સાતમા નોરતાની પૂર્ણાહુતિ કરી હતી.

પોતાના આ વખતના અકબંધ ક્રમની માફક સાતમા નોરતે પણ કલ્ચરલ ફોરમના આ ગરબા ગ્રાઉન્ડમાં વિદેશી મહેમાનો ગરબા રમવા-જોવા માટે પધાર્યા હતા. આપણા પરંપરાગત ડ્રેસમાં સજ્જ થઈને આવેલા વિદેશી યુવક-યુવતિઓએ ગ્રાઉન્ડમાં ખાસ્સું આકર્ષણ જમાવ્યું હતું. એમને ગરબા રમતા જોઈને તો લોકોને વળી વધુ આનંદ થયો હતો.



### મહાઆરતીમાં સહભાગી થવા સ્પોન્સરર્સ પણ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવ દરમ્યાન યોજાતી મહાઆરતીને નિહાળવા ને તેમાં સહભાગી થવા માટે ગઈકાલે ગરબા ગ્રાઉન્ડમાં નગરના અગ્રણીઓ તથા નવરાત્રી-૨૦૧૨ના પ્રાયોજકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નવરાત્રી મહોત્સવ-૨૦૧૨ના મુખ્ય પ્રાયોજક ઝીંઝુવાડિયા જ્વેલર્સના વિનોદ ઝીંઝુવાડિયા, સહ પ્રાયોજક કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડના ચેરમેન એમ પી મુનોત, એમડી પંકજ સચદેવા, ઈન્ફોસિટીના સુહાસભાઈ બારોટ, સિદ્ધરાજ ઈન્ફ્રાના ચેતનભાઈ પટેલ તથા જે પી સિમેન્ટ પરિવારના સંદિપ શાહ આ મહાઆરતીને માણવા માટે ઉપસ્થિત રહ્યા હતા.

સૌએ આ મહાઆરતીમાં ભાગ લઈને આનંદ તથા સંતોષની લાગણી પ્રગટ કરી હતી.

## નવરાત્રી ચારે કોર



આઠમા નોરતે ગીત-સંગીતની સંગત :

- ઉનાવા : ચાચર ચોકમાં શ્રી મહાકાલી માતાના મંદિરે દર્શના વ્યાસ-પંચમ ગૃપ, પાટણ.
- સરઢવ : વારાહી ચોક ખાતે વારાહી ઓરકેસ્ટ્રા.
- સરઢવ : માંડવી ચોક, ઉગમણી ભાગોળ ખાતે અશોક રાવળ-યોગી મ્યુઝીકલ ગૃપ, સરઢવ.
- સરગાસણ : વેરાઈ માતાના મંદિર ખાતે શંભુભાઈ ઠાકોર-સૂરજ મ્યુઝીકલ પાર્ટી.
- સૅક્ટર-૨૨ : ગબ્બર ચૉક ખાતે રાજુભાઈ વઘોરી-રાજ મ્યુઝીકલ ગૃપ.
- સૅક્ટર-૪ : નવરાત્રી ચૉકમાં ખુશ્બુ ઓરકેસ્ટ્રા.
- સૅક્ટર-૮ : નવરાત્રી ચૉકમાં સ્થાનિક કલાકારો.
- થનગનાટ નવરાત્રી મહોત્સવમાં સાંઈરામ દવે દ્વારા હાસ્ય ડાયરો.
- સૅક્ટર-૨૮ : જય અંબે ચૉકમાં વિશાલ કવિરાજ-ઝનકાર ગૃપ.
- સૅક્ટર-૬ એ : લોકનાદ ગૃપના કલાકારો.
- સૅક્ટર-૭ સી : શિવશક્તિ મંદિર ચૉક ખાતે સૂર્યકાન્ત શ્રીમાળી, ફાલ્ગુની ઠાકોર-વી એફ મ્યુઝીકલ ગૃપ.
- સૅક્ટર-૩ બી : નવરાત્રી ચૉક ખાતે દિનેશકુમાર એન્ડ પાર્ટી.
- સૅક્ટર-૩ એ ન્યૂ : નવરાત્રી ચૉક ખાતે જય માતાજી મ્યુઝીકલ ગૃપ.
- સૅક્ટર-૩ સી : શક્તિ ચૉક ખાતે સૂરસંગમ કલાવૃંદ.
- સૅક્ટર-૧૭ : શોપીંગ સેન્ટર ખાતે ભરત બિહોલા.



સ્માર્ટ કિડ્ઝ તરફથી સિનિયર તેમજ અભ્યાસકર્તા વિદ્યાર્થીઓ માટે ગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્માર્ટ કીડ્ઝ માટે પેરેન્ટ્સ હાજર રહ્યા હતા. આચાર્ય શ્રીમતી સ્નેહાબેન પટેલે સૌનું સ્વાગત કરેલ હતું. ગાયત્રી હવન અને માતાજીની આરતીથી શરૂઆત કરવામાં આવી હતી. નાના બાળકો અવનવાં સ્ટેપ્સ સ્કૂલમાં શીખવાડ્યાં અને બહાર શેરી-ગરબા પાર્ટી-પ્લોટમાં ઈનામો જીત્યા છે. નાનાં બાળકોને રાવણદહનની પણ જાણકારી આપવામાં આવી હતી.








ગાંધીનગર શહેરના અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઈતિહાસમાં પણ આ વખતની આઠમનું નામ કાયમી ધોરણે લખાશે એવાં સુંદર દ્રશ્યો ગરબા ગ્રાઉન્ડમાં જોવા મળ્યા હતા. મહાઆરતી તો સુંદર હતી જ. પરંતુ એ ઉપરાંત નગરના યુવાન ફોટોગ્રાફર દેવાંશ ત્રિવેદીએ ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે પધારેલાં નાનાં બાળકોના ફોટોગ્રાફ્સ કેપ્ચર કર્યા હતા.આંખોમાં આનંદ અને ચહેરા પર શાતાના જે ભાવ અહીં દ્રશ્યમાન થઈ રહ્યા છે એ શાશ્વત છે અને અનેક ચહેરાઓ પર આવા ભાવ અભિવ્યક્ત કરાવવા બદલ કલ્ચરલ ફોરમ અભિનંદનની અધિકારી છે.

## દશેરાને વધાવવા બજારો ફૂલોથી ઊભરાયાં



ગાંધીનગર, તા. ૨૩

નવરાત્રી પૂર્ણતાને આરે પહોંચી છે ત્યારે છેલ્લા નોરતાના પર્વ દશેરાને વધાવવા માટે ગાંધીનગરનાં બજારો ફૂલોથી ઊભરાઈ રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે જેમ નવરાત્રી એ ધાર્મિક પ્રસંગ છે અને એ દરમ્યાન ઉજવાતી આઠમ ને નોમ ધાર્મિક દ્રષ્ટિએ ઘણું મહત્ત્વ ધરાવે છે તેમ દશેરાનું પણ અનેરું મહત્ત્વ છે. આ દિવસે પૂજનનો ઘણો મહિમા છે. ખાસ કરીને લોકો દશેરાના દિવસે વાહન પૂજન પણ ખૂબ મોટા પ્રમાણમાં કરે છે.

આ પૂજન માટે ફૂલોની માગ ઘણી મોટી હોય છે, જેને પહોંચી વળવા માટે સ્થાનિક વેપારીઓએ ગઈકાલ રાતથી જ ફૂલો મંગાવવાનું શરૂ કરી દીધું હતું. આજે સવારથી તો સઘળા વેપારીઓ પાસે ફૂલોના ગંજ ખડકાઈ ગયા હતા.

અનેક વેપારીઓ પોતાના પરિવારજનો સાથે સવારથી જ આ ફૂલોની માળા ગૂંથવામાં લાગી ગયા છે. કારણ કે આવતીકાલે સવાર પડતાં જ સૌપ્રથમ ધાર્મિક વિધિ કરનારા ભાવિકો વિધિ માટે અને પછી દિવસભર વાહનચાલકો પોતાનાં વાહનોના પૂજન માટે ભીડ જમાવશે એવી એમને ખાતરી છે.

વર્ષોથી ફૂલોનો વેપાર કરતા વિનુભાઈએ જણાવ્યું હતું કે દશેરા નિમિત્તે ફૂલોના હારની ડિમાન્ડ ઘણી ઊંચી રહે છે, જે માટે અમારે અગાઉથી જ સજ્જ થઈને રહેવું પડે છે. વાહનચાલકો આવે ત્યારે એમને માટે વિવિધ કિંમતના હાર તૈયાર હોય એ અમારી જવાબદારી હોય છે એટલે અમે ૨૪ કલાક અગાઉથી એ માટેની તૈયારીઓનો આરંભ કરી દઈએ છીએ. એ નાતે અમે આજ સવારથી જ ફુલોની માળાઓ બનાવવાનું શરૂ કરી દીધું છે અને અમારો સમગ્ર પરિવાર આ કામમાં જોડાઈ ગયો છે. શહેરના અન્ય વેપારીઓની હાલત પણ એવી જ છે.

દશેરા, દિવાળી અને લગ્નસરાની મૉસમ એ અમારા માટે વેપારનો સુવર્ણ સમયગાળો ગણાય છે. એ પૈકી આવતીકાલે દશેરા છે, જેના માટે અમે સજ્જ છીએ. ગાંધીનગરના લોકોને એમની પસંદ અને વિવિધ વેરાયટી, કિંમત મુજબના હાર, ફૂલ જોઈતી સંખ્યામાં મળી જ રહેશે એવો વિશ્વાસ એમણે વ્યક્ત કર્યો હતો.

### ચૌધરી મહિલા કૉલેજમાં નવરાત્રી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૨૩

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો-૧ થી ૮નાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ બેસ્ટ ડ્રેસ અને બેસ્ટ પરફોર્મન્સ માટે નંબર આપવામાં આવ્યા હતા. રાઠોડ દેવ જશવંતસિંહ, રીટવા પરેશકુમાર, વ્યાસ આયુષી, પરમાર ઈશિતા, પટેલ ધાર્મિર, નાયક વિહંગ, ગુર્જર શુભમ, પટેલ હર્ષ, ચૌધરી હર્ષિલ કે (બેસ્ટ ડ્રેસ) વિજેતા બન્યા હતા.

## કે કે પટેલ વિદ્યાલયના વિદ્યાર્થીઓ યુવક મહોત્સવમાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના કોલવડા મુકામે આવેલી કમળાબેન કેશવલાલ પટેલ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ તાજેતરમાં જુદી જુદી સાત ઈવેન્ટસમાં ભાગ લઈ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી સફળતા હાંસલ કરી છે. કે. કે. પટેલ વિદ્યાલય, કોલવડાના વિદ્યાર્થીઓએ રાંધેજા જૂથ કક્ષાના યુવક મહોત્સવમાં ભાગ લીધો હતો. નિબંધ લેખન સ્પર્ધામાં દિપીકા પરમાર પ્રથમ, લોકગીત સ્પર્ધામાં પૂજા પ્રજાપતિ પ્રથમ, ભજન સ્પર્ધામાં પૂજા નટવરભાઈ પ્રજાપતિ પ્રથમ, એક પાત્રીય અભિનયમાં કોમલબેન દરબાર દ્વિતીય નંબરે, સર્જનાત્મક કૃતિમાં હેતલબેન ચાવડા ત્રીજા ક્રમે, ચિત્ર સ્પર્ધામાં મેહુલ પરમાર ત્રીજા ક્રમે, વક્તૃત્વ સ્પર્ધામાં સેજલબેન વાઘેલા ત્રીજા ક્રમે વિજેતા થયા હતા. વિજેતા વિદ્યાર્થીઓને શિક્ષક પ્રકાશભાઈ અને પ્રવીણભાઈને શાળાના આચાર્યા ભાવનાબેન વાઘેલાએ અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

### સાતમા નોરતાનું પરિણામ

| કૅટેગરી | વિનર | રનર-અપ |
| --- | --- | --- |
| ચાઈલ્ડ બૉય | સૌમ્ય પટેલ | ભવ્ય પટેલ |
| ચાઈલ્ડ ગર્લ | રેવા ઠક્કર | જહાન્વી ઝાલા |
| કીડ બૉય | આર્ય કટારમલ | રૂદ્ર દરજી |
| કીડ ગર્લ | મૌરવી વોરા | ઝરણા ભાવસાર |
| ટીનેજર બૉય | વૈભવ વ્યાસ | ભાર્ગવ દવે |
| ટીનેજર ગર્લ | વૃષ્ટિ વ્યાસ | કૃષ્ણા પંચાલ |
| ડ્રેસ પ્રિન્સ | અર્પિત રાવલ | મિલન પટેલ |
| ડ્રેસ પ્રિન્સેસ | શિક્ષા ઠાકર | કથા સુથાર |
| પૅર | રૂદ્રપાલ ચૌહાણ | યાત્રી દવે |
| | આશિતા ઠાકર | માર્ગી મેવાડા |
| પરફોર્મન્સ પ્રિન્સ | મીત શાહ | ભૌમિક ચૌહાણ |
| પરફોર્મન્સ પ્રિન્સેસ | ક્રિના ઠક્કર | અદિતિ શાહ |

નિર્ણાયક : અન્નપૂર્ણાબેન શુક્લ, હંસાબેન ઉપાધ્યાય, જાગૃતિબેન ત્રિવેદી



ગુજરાતના રાજ્યપાલ ડૉ. કમલાજી ગઈકાલે રાજભવન વસાહત યુવક મંડળ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા અને રાસ-ગરબાની રમઝટ નિહાળી હતી. પ્રારંભમાં રાજ્યપાલે મા આદ્યશક્તિની આરતી ઉતારી હતી. યુવક મંડળના પ્રમુખ દિપકભાઈ મકવાણા અને અન્ય હોદ્દેદારોએ રાજ્યપાલનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ સપરિવાર ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ સાથે ગરબાની મોજ માણી હતી. (તસવીર : દિપક જાની)

## રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા વિજયાદશમી નિમિત્તે શસ્ત્ર-સરસ્વતી પૂજન કાર્યક્રમ

### શસ્ત્રપૂજા ઉપરાંત કૉમ્પ્યુટર પૂજન પણ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ અને શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૪મી ઑક્ટોબરે રાજપૂત ભવન સેકટર-૧૨માં શસ્ત્ર પૂજન તથા સરસ્વતી પૂજનનો કાર્યક્રમ રાખેલ છે. જેમાં રાજપૂત સમાજના ભાઈઓ સાફામાં બહેનો રજવાડી વસ્ત્રોમાં હાજર રહેનાર છે.

શસ્ત્રપૂજા, કૉમ્પ્યુટર પૂજન થશે, સંતો મહાનુભાવો આર્શીવચન આપશે. શોભાયાત્રા રાજપૂત ભવનથી બલરામ મંદિર, ઘ-૪, ઘ-૫, પેથાપુર, અંબોડ મુકામે પહોંચશે. રાવણદહન - પ્રિયંકા, માન સરોવર, દેલવાડ, અંબોડ રોડ પર કરવામાં આવશે.